57

ક્રમાંક/ઈજર/વહટ/૪૪/૦૪/૧૭૨૫૭-૧૭૩૨૪

નોંધણીસર નિરીક્ષક કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેક્ટર-૧૩/સી, "ખ" રોડ,
ગાંધીનગર તા.૧૮/ /૧૧/૦૬
૨૦

**વંચાણે લીધું**:-અત્રેના પરિપત્ર ક્રમાંક: ઈજર/વહટ/૪૪/૦૪/૧૨૫૯૬-૧૬૪૭ તા.૨૦/૧૨/૦૪.

**પ રિ પ ત્ર :-**

અત્રેના ધ્યાન પર આવેલ છે કે, રાજ્યની સબ રજીસ્ટ્રાર કચેરીઓનાં નોંધ અમલદારો ધ્વારા દસ્તાવેજોમાં મિલકતની બજાર કિંમત મુજબ વસુલાત પાત્ર કમી સ્ટેમ્પ ડયુટી કેસોમાં નિયમ-૩(૨) ની ઈન્ટીમેશન સાથે ગણત્રી પત્રક ની નકલ પક્ષકારને આપવાના વંચાણવાળ પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવામાં આવતો નથી.

તમામ નોંધણી અમલદારોને સદરહું પરિપત્રનો ચુસ્તપણે ફરજિયાત અમલ કરવ આથી જણાવવામાં આવે છે, અમલ ન કર્યાનું માલુમ પડયે થી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવા આવશે,તપાસણી વખતે આ મુદ્દો હવેથી જોવાનો રહેશે. જેની નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

સદરહું પરિપત્રની પહોંચ અવશ્ય પાઠવવી.

સહી/-
(વી.વાય.વ્યાસા)
સુપ્રિ.ઓફ સ્ટેમ્પસ
અને
નોંધણીસર નિરીક્ષક,
ગુ.રા.ગાંધીનગર

**નકલ રવાના:-**

(૧) નોંધણી નિરીક્ષકશ્રી તમામ...જાણ તથા અમલ કરાવવા સારું.
(૨) નાયબ કલેકટરશ્રી (સ્ટેમ્પ ડયુટી ) તમામ... જાણ તથા અમલ કરાવવા સારું અને માસિ મીટીંગમાં આ મુદ્દો રીવ્યુ કરવા સારું.
(૩) સબ રજીસ્ટ્રારશ્રી, તમામ...મારફતે:-(નો.નિ.શ્રી ) જાણ તથા ફરજિયાત અમલ થવા સારું.
(૪) સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસ, અને નોંધણીસર નિરીક્ષકશ્રીની તમામ શાખાઓ તરફ જાણ સારુ.
(૫) તપાસણી શાખા (ઈ.જ.ર., સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસ ) ઉકત મુદ્દો તપાસણીમાં લેવા સારુ.

રવાના કર્યું.

મદદનીશ નોંધણીસર નિરીક્ષક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.